

# ખેડબ્રહ્માની હરણાવ નદી બે કાંઠે

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકામાં ઉપરવાસમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ચાલુ વરસાદના કારણે હરણાવ નદી સીઝનમાં પહેલીવાર બે કાંઠે થઈ હતી. હરણાવ નદી પરના જુના પુલ ઉપર થઈ પાણી પસાર થવા લાગ્યું હતું જેને જોવા માટે શહેરીજનો પુલ પર ઉમટી પડયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ઉપરવાસમાં વરસાદ થતા પરોયા ડેમના ૬ દરવાજા ખોલી દસ હજાર કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામે ખેતી કામે ગયેલા પતિ-પત્ની મનુભાઈ સોભાઈ ગમાર તથા તેમની પત્ની કામુબેન બંને જણા નદીમાં ફસાઈ ગયા હતા. જેઓ બચવા માટે લીમડાના ઝાડ પર ચડી ગયા હતા, ગ્રામજનોને ખબર પડતા તેઓએ તલાટી નલીન ગાંધીને જાણ કરતા તાલુકા પંચાયતના નાયબ ટી.ડી.ઓ સહિત પોલીસ સ્ટાફ સાથે પી.એસ.આઈ. વિરલ પટેલ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી ચાલુ કરી હતી. જેમાં સૌ પ્રથમ ખેડવા ડેમના ત્રણ દરવાજા બંધ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ પૂર વખતે બચાવ કામગીરી કરતા વર્ધમાનભાઈ નાયી દ્વારા અને ગ્રામજનોના સહયોગથી બહાર કાઢવામાં આવ્યા હતાં.

આ ગંભીર ઘટના ઘટી હોવા છતાં ખેડબ્રહ્મા તાલુકાનું ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઉંઘતું ઝડપાયું હતું. પરોયા ખાતે બચાવ કામગીરીમાં પ્રાંત અધિકારી મામલતદાર સ્થળ ઉપર દોડી આવ્યા હતા. આ ભારે વરસાદથી પરોયા અને રોધરા વચ્ચેનો ડીપ તૂટી જવા પામ્યો હતો. આ કારણે રોધરા, દેરોલ, દેરોલ કંપા, ધોળીવાવ, જાડી સીબલ, દિધિયા સહિતના ગામો સંપર્ક વિહોણા બન્યા હતા.

# ઈડરમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ : તમામ નદી બે કાંઠે

હિંમતનગર, તા.૭

રાજ્યમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી પછી આજે પણ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં સમયાંતરે વરસાદના ઝાપટાં પડ્યા હતા. જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના ઈડરમાં આજે દિવસ દરમિયાન સાડા નવ ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ૨૪ કલાકમાં ઈડર તાલુકામાં ૧૫ ઈંચ વરસાદ પડ્યો છે આ ઉપરાંત ભીલોડા તાલુકામાં ૯ ઈંચ, વિજયનગર તાલુકામાં ૪ ઈચ તતા બાયડમાં સાડા સાત ઈંચ વડાલી અને ધનસુરામાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં મહેસણા, બનાસકાંઠા સૌરાષ્ટ્રના જુનાગઢ, રાજકોટ, ભાવનગર અને મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદના હળવાથી ભારે ઝાપટા પડ્યા હતા. કચ્છમાં પણ અડધાથી બે ઈંચ વરસાદ પડ્યો છે. વિસાવદરમાં આજે સવારે અડધો ઈંચ વરસાદ પડ્યો છે. ખંભાળિયામાં પણ ધોધમાર વરસાદ પડ્યાના વાવડ મળ્યા છે. વરસાદને કારણે સૌરાષ્ટ્રના ૩૦ જેટલા જળાશયોમાં પાણીની આવક અડધાથી ૧૧ ફૂટ જેટલી વધી છે. દક્ષિણ ગુજરાતની તમામ નદીઓ બે કાંઠા બની છે. સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ગઈરાત્રે ૧ વાગ્યે ૧૨૯.૨૦ મીટર હતી અને પાણી ૭.૨૦ મીટરે ઓવરફલો થઈને નર્મદા નદીમાં ઠલવાઈ રહ્યું હતું. જો કે આજે બપોરે ૪ વાગ્યે સરદાર



સરોવર ડેમની જળસપાટી ઘટીને ૧૨૭.૩૩ મીટર નોંધાઈ હતી. નર્મદા નદીમાં ભારે પૂર આવવાથી રાજપીપળાને જોડતો ગોરા પુલ હજી પણ પાણીમાં ગરકાવ થયેલો છે. નર્મદાના કાંઠા વિસ્તારના ગામો તેમજ ભરૂચ શહેરની હાલત કફોડી બની છે. નર્મદાના કાંઠે ભાડભૂતના મેળા પર જવા પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. તેમજ ભરૂચના કબીરવડ વિસ્તારમાં પણ લોકોને ન જવા સૂચના આપવામાં આવી છે. ગોલ્ડન બ્રિજ પર પાણીની સપાટી ભયજનક લેવલે પહોંચ્યા બાદ નર્મદાનું પાણી ભરૂચના દાંડીયા બજાર સહિત નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જતા લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. ભરૂચ શહેરમાં એક કાચુ મકાન ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

આ ઉપરાંત પાનમ ડેમમાં જળસપાટી ૧૨૬.૮૧ મીટરે પહોંચતા ડેમના ચાર દરવાજા ખોલાયા છે. તેમજ કડાણા ડેમની જળસપાટી ૧૨૬.૯૫ મીટરે પહોંચતા ડેમના ૧૬ દરવાજા ૧૦ ફૂટ ખોલાતા મહીસાગર નદીમાં ધસમસતા પૂર આવ્યા છે. તેથી કાંઠા વિસ્તારના તમામ ગામોને એલર્ટ કરાયા છે. તેમજ ઉકાઈ ડેમમાંથી તાપી નદીમાં ૩.૩૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા સુરત શહેરની હાલત કફોડી બની છે. ઉકાઈમાં હેવી ઈનફલોને કારણે તાપી નદીમાં ધસમસતા પૂર આવ્યા છે. સુરતની તમામ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. સુરતના કાદરશાની નાળ, વેડરોડ પંડોળ, ધાસ્તીપુરા અને વરિયાવના રહેણાંક વિસ્તારોમાં દોઢથી બે ફૂટ પાણી ભરાયા છે. ૪૧ જેટલાં દર્દીઓને હોડીમાં બેસાડી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પાલ રેવાનગરમાંથી ૫૩૦ લોકોનું સ્થળાંતર કરાયું છે. તાપી નદીમાં પાણીનું લેવલ વધતા સુરતના ગટરના પાણી બેક મારી રહ્યા છે. હોલપુલનું જળસ્તર ૭.૫૦ મીટરે પહોંચ્યું છે. અને ચેતવણી માટે સાયરન વગાડવામાં આવી રહી છે.

# ડીસા પંથક પર મેઘરાજાની કરુણા

## બે દિવસમાં પોણા ચાર ઈંચ વરસાદ

ડીસા, તા. ૭

સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ મહેર વરસાવતા સુકી ધરતીની સાથે માનવીઓના મન પણ ખીલી ઉઠ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી કરૂણા વરસાવી રહેલા મેઘરાજાનો પગલે લીલીછમ હરીયાળી છવાઈ જવા પામી છે અને ગરમી અને બફારાના કારણે બેચેન બનેલી જીવસૃષ્ટિને પરમ શાંતિનો અહેસાસ થઈ રહ્યો છે. આ સીઝનમાં અપુરતા વરસાદને કારણે બનાસકાંઠા જિલ્લાના પાંચ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. વરસાદના અભાવે ધરતીપુત્રોના મન કકળી ઉઠ્યા હતા પરંતુ મોડે મોડે પણ મેઘરાજાએ મહેર વરસાવી છે એટલે હવે મન મુકીને વરસશે તેવી આશા બંધાઈ છે. થોડા દિવસ પહેલા દુષ્કાળના ડાકલા વચ્ચે લોકોએ વરસાદની આશા પણ છોડી દીધી હતી.

ડીસા પંથકમાં પણ છેલ્લા બે દિવસથી મેઘરાજા બધડાટી બોલાવી રહ્યો છે. પંથકમાં બે દિવસની અંદર પોણા ચાર ઈંચ વરસાદ પડી ચુક્યો છે અને હજુ પણ સાબેલાધાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે નદીનાળા અને તળાવોમાં નવા પામીની આવક શરૂ થઈ ગઈ છે. સુકટ વિસ્તારો હરીયાળા બનવા લાગ્યા છે. ભારે વરસાદના કારણે કેટલાક વિસ્તારોમાં સ્થળ ત્યાં જળની સ્થિતિ સર્જાઈ રહી છે. ભાદરવો ચડે ત્યાં પડેની કહેવત સાર્થક કરતા હોય તેમ અમુક જગ્યાએ ભારે વરસાદ જ્યારે કેટલાક વિસ્તારોમાં ઓછો અથવા બિલકુલ નહી જેવા દશ્ય જોવા મળે છે જ્યારે સરહદી થરાદ અને વાવ તાલુકામાં પણ વરસાદની મહેર સર્જાતા સરહદી પ્રજામાં ખુશીનો માહોલ છવાયો છે. થરાદમાં બે દિવસની અંદર સાડા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ધીરેધીરે વરસાદે આરંભ કર્યો છે ત્યારે અગામી સમયમાં પણ વરસાદ પડવાની શક્યતા સર્જાઈ છે. શુક્રવારે પણ જિલ્લાના તમામ વિસ્તારોમાં વરસાદી ઝાપટા યથાવત રહેવા પામ્યા હતા.




બાયડ તાલુકામાં ખાબકેલા મૂશળધાર વરસાદને લીધે ગીરીરાજ સોસાયટી, કોટીયાર્ક સોસાયટી, વૃંદાવન સોસાયટી તેમ શ્રીજી સોસાયટીમાં ઢીંચણસમા પાણી ભરાઈ ગયા હતા. સોસાયટીમાં છેલ્લા કેટલાય સમયથી પાણીના નિકાલની કોઈ જ સુવિધાઓ ઉપલબ્ધ નથી. તેથી આ સોસાયટીઓના રહેવાસીઓએ નગરપાલિકા સામે રોષ ઠાલવ્યો છે.

# ધનસુરામાં વીજળીના કડાકા ભડાકા સાથે ૪ ઈંચ વરસાદ ખાબક્યો

## કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાતા રહીશો પરેશાન

ધનસુરા, તા. ૭

ધનસુરા પંથમાં છેલ્લા બે દિવસથી મેઘતાંડવ શરૂ થયું છે. ગઈકાલે બપોરની ભયંકર મેઘ તાંડવ અને વીજળીના કડાકાએ લોકોને ડરાવી દીધા હતા. નાના બાળકો ડરના માર્યા ચિચિયારીઓ પાડતા હતા. તોફાની વરસાદના કારણે કેટલીય જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. છેલ્લા ચોવીસ કલાકમાં ચાર ઈંચ વરસાદના કારણે તાલુકાના જળાશયોની સપાટી વધવા લાગી છે. નવા જળનો સંચય થતા લોકોમાં રાહત થઈ છે. છેલ્લા ત્રણ દિવસથી હળવાથી ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ઢીંચણસમા પાણી ભરાયા હતા. વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ખેતીલાયક વરસાદ પડતા ધરતીપુત્રો ઘેલમાં આવી ગયા છે. તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૨૪ ઈંચ થતા ગત વર્ષ કરતા થોડો ઓછો છે. વરસાદના કારણે ધનસુરામાં લાઈટ વારંવાર બંધ થઈ જતા લોકો હેરાન પરેશાન થઈ જાય છે.

# મહીસાગર, તાપી તેમજ નર્મદામાં ધસમસતા પૂર

ઉપરવાસમાં મૂશળધાર વરસાદને કારણે દક્ષિણ અને મધ્ય ગુજરાતના તમામ જળાશયોમાંથી નદીઓમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેમાં પાનમ ડેમની જળસપાટી ૧૨૬.૮૧ મીટરે પહોંચતા ૨૨૪૫૪ ક્યુસેક પાણી મહીસાગરમાં છોડાયું છે તથા કડાણા ડેમની જળસપાટી ૨૫૮૯૬૦ ક્યુસેક પાણી છોડાતા મહીસાગરમાં ધસમસતા પૂર આવ્યા છે. ઉકાઈ ડેમમાંથી તાપી નદીમાં ૩.૩૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુંછે. તાપી બન્ને કાંઠે ધસમસતા પ્રવાહ સાથે વહી રહી છે. સરદાર સરોવર ડેમની જળસપાટી ગઈ રાત્રે ૧ વાગ્યે ૧૨૯.૨૦ મીટર હતી જે ઘટીને આજે સાંજે ૪ વાગ્યે ૧૨૭.૩૦ મીટરે પહોંચી છે. ડેમમાં પાણીની આવક ૪૯૬૩૩૫ ક્યુસેક છે જ્યારે જાવક ૬૫૩૭૭૮ ક્યુસેક છે તેથી નર્મદા નદીમાં ધસમસતા પુર આવતા કાંઠા વિસ્તાર સહિત ભરૂચની સ્થિતિ કફોડી બની છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# નેત્રામાલી નજીકનો પુલ તૂટતા ટ્રાફિક ખોરવાયો

ઈડર, તા.૭

રાજ્યના ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં આજે દિવસ દરમિયાન ધોધમાર વરસાદ પડ્યો હતો. જેમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઈડર તાલુકામાં ૧૫ ઈંચ વરસાદ પડતા હિંમતનગર અને ઈડર વચ્ચે નેત્રામલી ગામ નજીક હાઈવે પરનો પુલ તૂટી જતાં હિંમતનગર અંબાજીનો વાહનવ્યવહાર ખોરવાયો છે. ભારે વરસાદને કારણે જાદર, રૂદરડી અને વીરપુર ગામમાં વરસાદના પાણી ઘૂસી ગયા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જાદર અને ઈડર વચ્ચે રેલવે ટ્રેક પર બે ફૂટ પાણી ભરાતા અમદાવાદ-ખેડબ્રહ્મા ટ્રેન વ્યવહારને પણ માઠી અસર પહોંચી હતી. મોડાસાના કુકરી ગામે વીજળી પડતા બળદનું મોત નિપજ્યું છે. હાથમતી નદીમાં પૂરમાં એક વ્યક્તિની તણાઈને આવેલી લાશ મળી છે. જિલ્લાના બાયડ, ભીલોડા, ધનસુરા, હિંમતનગર, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, મોડાસા, પ્રાંતિજ, વડાલી અને વિજયનગરમાં આજે દિવસ દરમિયાન ભારે વરસાદ પડ્યાના વાવડ મળ્યા છે.

# કાંકરેજના ઉંબરી ગામે મકાન ધરાશાયી

કાંકરેજ, તા.૭

કાંકરેજના ઉંબરી ગામે ગતરાત્રીએ વિજળીના કડાકા સાથે ચાલુ થયેલા ધોધમાર વરસાદમાં એક મકાન ધરાશાયી થઈ ગયું હતું. જેથી કાચા મકાનમાં રહેતા પતિ-પત્ની દટાઈ ગયા હતા. ઘટનાની જાણ આજુ બાજુના લોકોને થતાં બચાવ કામગીરી હાથ ધરી હતી. અને દટાયેલા પતિ-પત્નીને સારવાર માટે ૧૦૮ દ્વારા શિહોરી હોસ્પિટલ મોકલી આપ્યા હતા.

કાચું મકાન ધરાશાયી થતા કાચા મકાનમાં રહેતા લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ કાંકરેજના ઉંબરી ગામના ગજુભા બનેસંગ વાઘેલા અને તેમના પત્ની મલબાઈ ખેતરમાં આવેલા પોતાના કાચા મકાનમાં સુતા હતા ત્યારે ગત રાત્રિએ વરસાદ ચાલુ હતો પણ અચાનક વિજળીનો મોટો કડાકો થતા તેમનું આખું મકાન પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું અને પતિ પત્ની બંને દટાઈ ગયા હતા. ઘટનાની જાણ આસપાસના લોકોને થતા બચાવ કામગીરી કરીને બંને જણને સુરક્ષીત બહાર કાઢયા હતા અને ૧૦૮ મારફતે વધુ સારવાર માટે શિહોરી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં બંનેની તબિયત સ્વસ્થ જણાઈ હતી. કાચું મકાન ધરાશાયી થતા આજુબાજુમાં કાચા મકાનમાં રહેતા લોકોમાં ભય ફેલાયો છે. સાથે ગજુભાને તંત્ર દ્વારા યોગ્ય વળતર મળે તેવી લોક લાગણી ઉઠવા પામી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601